# BUSINESS મિત્ર

## ઓગસ્ટ સિરીઝની શાનદાર શરૂઆત: મિડકેપ તથા સ્મોલકેપના પસંદગીના શેરોમાં લેવાલી ચાલુ રહી

# નિફ્ટીએ ઐતિહાસિક સપાટી બનાવી, સેન્સેક્સ 81000ની ઉપર

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 26:** ભારતીય શેરબજારમાં ટ્રેડિંગ સપ્તાહના અંતમ દિવસે અને ઓગસ્ટ સિરીઝની શરૂઆતમાં બજારમાં જોરદાર તેજી જોવા મળી હતી. સવારે સપાટ બજાર ખુલ્યા બાદ સતત વધારો થતો ર્હયો હતો. આજે બેન્ક નિફ્ટીએ પણ રેડ ઝોનમાંથી પોઝિટિવ થઇ ગઇ હતી. આજે લાર્જકેપ શેરોની સાથે સાથે બ્રોડર માર્કેટમાં પણ તેજીનો દોર જોવા મળ્યો હતો.

ઈન્ડસ ટાવરમાં આજે લેવાલી નીકળી હતી, કેમ કે કંપની બાયબેકનું આયોજન કરી રહી છે અને તેના માટે 30મી જુલાઇના રોજ બોર્ડ બેઠક મળનારી છે અને તેમાં અંતિમ નિર્ણય લેવામાં આવશે. જેના લીધે આજે પાંચ ટકા જેટલો ઉછળી ગયો હતો.

ભારતીય શેરબજારમાં પાંચ દિવસથી સતત ઘટાડાનો સીલસીલો તૂટયો હતો. આજે નિફ્ટીએ 24861.15 પોઇન્ટની ઓલટાઇમ હાઇ સપાટીને સ્પર્શતા ઉંચા સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે સેન્સેક્સ ઓલટાઇમ હાઇ બનાવી હતી, જે છેલ્લે ઓલટાઇમ હાઈથી થોડાક નીચા સ્તરે બંધ રહ્યા હતા.

**સેન્સેક્સ 1293 પોઇન્ટ અને નિફ્ટી 428 પોઇન્ટ ઘટ્યા**

ભારતીય શેરબજારમાં સેન્સેક્સ 1292.92 પોઇન્ટ એટલે કે 1.62 ટકા વધીને 81000 પોઇન્ટની સપાટી કુદાવીને 81332.72 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 81427 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 80013 પોઇન્ટ સુધી ઘટયો હતો. નિફ્ટી 428.75 પોઇન્ટ એટલે કે 1.76ટકા વધીને 24800 પોઇન્ટની સપાટી કુદાવીને 24834.85 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24861 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24411 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 407.20 પોઇન્ટ એટલે કે 0.80 ટકા વધીને 51000 પોઇન્ટની સપાટી કુદાવીને 51295.95 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે શોભા લિ.માં 420.78 ગણા, અદાણી ટોટલ ગેસમાં 8.48 ગણા, રૂટ મોબાઇલમાં 4.93 ગણા, ઈન્ફીબીમ એવન્યુઝમાં 4.13 ગણા અને ગોદરેજ કન્ઝ્યુમરમાં 3.48 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે ન્યુ ઇન્ડિયા ઈન્સ્યોરેન્સમાં 8.08 ગણા, હોમ ફર્સ્ટ ફાઇ.માં 7.59 ગણા, જનરલ ઈન્સ્યોરેન્સમાં 7.42 ગણા, મેનકાઇન્ડ ફાર્માંમાં 6.83 ગણા અને શોભામાં 6.29 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં નરમાઇ જોવા મળી હતી. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 0.22 ટકા ઘટયા હતા, જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સ 0.14 ટકા ઘટયા હતા. જોકે, આજે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહ્યું હતું. બીએસઇ ખાતે 2118 શેરો વધ્યા હતા, જ્યારે 1795 શેરો ઘટયા હતા અને 110 શેરો યથાવત રહ્યા હતા.

મેટલ શેરોમાં સૌથી વધુ રીકવરી જોવા મળી હતી.. નિફ્ટી મેટલ ઈન્ડેક્સ 3.01 ટકા વધ્યા હતા. જેમાં વેદાન્તા, જિન્દાલ સ્ટીલ, એનએમડીસી, સેઇલ, અદાણી એન્ટર, તાતા સ્ટીલ, હિન્દાલ્કો, નેલ્કો, જેએસડબલ્યુ સ્ટીલ અને રત્નમણિ મેટલ્સ વધ્યા હતા. બીજી તરફ, હિન્દુસ્તાન ઝીંક ઘટયા હતા.

**યુરોપિયન અને એશિયન બજારોમાં રીકવરી જોવા મળી**

આજે યુરોપિયન અને મોટા ભાગના એશિયન બજારોમાં સુધારો જોવાયો હતો. ટોક્યોના તાજેતરના ફુગાવાના ડેટાને પચાવી લીધા હોવાથી અને યુએસના આર્થિક આંકડાઓની રાહ જોતા હોવાથી મોટા ભાગના એશિયન બજારો સુધર્યા હતા, જ્યારે યુરોપિયન બજારોમાં સુધારાની ચાલ જોવા મળી હતી. જુલાઇમાં જાપાનનો મુખ્ય ફુગાવો થોડો ઘટીને 2.2 ટકા થયો હતો, જ્યારે મુખઅય ફુગાવ 2.2 ટકા પર સ્થિર રહ્યો હતો. બજારનું ધ્યાન હવે યુએસ તરફ વળ્યું છે. ફેડરલ રિઝર્વના પસંદગીના ફુગાવાનો દર વ્યાજદરની અપેક્ષાઓને અસર કરે તેવી સંભાવના છે.

યુરોપિયન બજારોમાં 0.68 ટકા, કેક 0.90 ટકા અને ડેક્સ 0.33 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. જ્યારે એશિયન બજારોમાં નીક્કી 0.54 ટકા, સ્ટ્રેઇટસ 0.12 ટકા, તાઇવાન 3.40 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જ્યારે હેગસેંગ 0.10 ટકા, કોસ્પી 0.78 ટકા, જકાર્તા 0.66 ટકા અને શાંઘાઇ 0.14 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

### રૂપિયો સપાટ રહ્યો

**અમદાવાદ, તા. 26:** કરન્સી બજારમાં આજે ડોલર અને રૂપિયામાં બેઉતરફી વધઘટ બાદ રૂપિયો સપાટ બંધ રહ્યો હતો. આજે ડોલરની સામે રૂપિયો 83.72ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 90.91, પાઉન્ડ 17.75, કેનેડિયન ડોલર 60.60, ઓસ્ટ્રેલિયન ડોલર 54.90, જાપાનીઝ યેન 0.5413 અને સીંગાપોર ડોલર 62.31ના સ્તરે બંધ રહ્યા હતા.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 1292.92 | 81332.72 |
| નિફ્ટી | 428.85 | 24834.85 |
| બેન્ક નિફ્ટી | 407.20 | 51295.95 |

**નિફ્ટી**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| શ્રીરામ ફાઇ. | 9.18 | 2925.00 |
| ડીવીસ લેબ્સ | 5.36 | 4790.60 |
| સીપલા | 5.00 | 1575.00 |
| ભારતી એરટેલ | 4.50 | 1514.40 |
| અપોલો હોસ્પિટલ | 4.37 | 6664.55 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઓએનજીસી | 1.25 | 331.60 |
| તાતા કન્ઝયુમર | 0.81 | 1213.65 |
| નેસલે ઇન્ડિયા | 0.15 | 2476.90 |

**સેન્સેક્સ**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ભારતી એરટેલ | 4.25 | 1511.00 |
| વિપ્રો લિ. | 3.59 | 525.00 |
| તાતા સ્ટીલ | 3.27 | 162.60 |
| સન ફાર્મા | 2.91 | 1713.60 |
| એચસીએલ ટેક્નો | 2.90 | 1634.20 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| નેસલે ઇન્ડિયા | 0.07 | 2478.70 |

# ભાગીદારોના પગાર ઉપર હવે TDS

ટેક્સ ટ્વિટર — વિરેશ રૂદલાલ



નાણાં મંત્રી દ્વારા 23-7-2024ના મંગળવારના રોજ રજૂ થયેલ બજેટમાં ફાયનાન્સ બીલ 2024માં ભાગીદારી પેઢીઓ પોતાના કાર્યકારી (Working) ભાગી દારોને મહેનતાણું, પગાર, કમિશન સાથે તો તેના ઉપર હાલ સુધી T.D.S. ની જોગવાઇ ન હતી, જે નાણાંકિય વર્ષ 2024-25 થી લાગુ પડી ગઇ છે. જે વર્કીંગ પાર્ટનરને 20000 થી વધારે મહેનતાણુ આપે તેના ઉપર ભાગીદારી પેઢીએ T.D.S. કાપીને ભાગીદારને બાકીના મહેનતાણાંના રૂપિયા આપવાના રહેશે. આ માટે ભાગીદારી પેઢીએ હવે માર્ચ મહિનામાં હિસાબો ફાયનલ કરીને 30મી એપ્રિલ પહેલાં ટેક્ષ ભરવો અઘરો પડશે અને 31મી મે પહેલાં ત્રિમાસિક રીટર્ન ભરી દેવું પડશે. દર મહિને મહેનતાણું જમા કરનારે બીજા મહિનાની 7 તારીખ પહેલા ટેક્ષ જમા કરવો પડશે, અન્યથા 30 ટકા રકમ નામંજૂર થશે. ભાગીદારે પેઢીને આપેલ લોનના વ્યાજ ઉપર પણ TDS કાપવો પડશે. આ તમામ TDSનો રેઇટ 10 ટકા છે. LL.P.ને પણ ભાગીદાર પગાર ઉપર TDS લાગુ પડશે.

**ઉભા થતા પ્રશ્નો**

ભાગીદારોના હાથમાં આ રકમ ધંધાકિય આવક તરીકે કરપાત્ર છે. ભાગીદારોની પેઢીમાંથી પગાર અને વ્યાજની એકમાત્ર રકમ હોય શકે છે. અન્ય આવક હોતી નથી એ સંજોગોમાં નવી સીસ્ટમ મુજબ 7 લાખ સુધીની આવક કરને પાત્ર નથી એવા કેઇસોમાં ભાગીદારોએ રીફન્ડ લેવાની નોબત આવશે અને ભાગીદારોને પગારદાર કરદાતાને મળતું 75000નું સ્ટાન્ડર્ડ ડિડકશન પણ બાદ મળશે નહિ.

**મહેનતાણામાં વધારો**

ભાગીદારી પેઢીઓએ ભાગીદારોને આપવાપાત્ર મહનતાણામાં વધારો થયો હોય ભાગીદારી પેઢીઓએ ફેરફાર દસ્તાવેજ (Deed) યોગ્ય સ્ટેમ્પ પેપર પર બનાવવી પડશે જેમાં અગાઉ 300000 સુધીના ચોપડે નફા ઉપર 90 ટકા એટલે કે 270000 સુધીનો પગાર પહેલાં સ્લેબમાં માન્ય હતો તે લીમીટ વધારીને 600000 થતાં 90 ટકા લેખે 540000 સુધી અને બાકીના ઉપર 60 ટકા લેખે પગાર અને મહેનતાણું માન્ય રહેશે.

**કઇ કઇ ભાગીદારીઓને TDS લાગશે?**

જે ભાગીદારી પેઢીઓ અંદાજિત આવક પ્રમાણે 1 કરોડથી 3 કરોડના ટર્નઓવર ઉપર 6 ટકા કે 8 ટકા ચોખ્ખો નફો બતાવતી નથી મતલબ કે ઓછો નફો બતાવે છે અને જેના ચોપડા ઓડિટ થાય છે તેઓએ ભાગીદારને ચૂકવેલ પગાર પર TDS કાપવો પડશે કારણ કે જેઓ આ 6 ટકા અને 8 ટકા ટકાવારી નફો બતાવે છે તેઓને ભાગીદાર પગાર-વ્યાજ બાદ મળવાપાત્ર નથી. LL.P ને આ અંદાજિત આવકની જોગવાઇ લાગુ પડતી નથી.

જે ભાગીદારી પેઢીઓનું ટર્નઓવર 3 કરોડથી 10 કરોડ વચ્ચે છે અને નિર્દિષ્ટ શરતોનું પાલન કરે છે તેઓને ફરજિયાત ઓડિટ લાગુ પડતુ નથી એ સંજોગોમાં આવા કિસ્સાઓમાં પણ ભાગીદાર મહેનતાણુ જો આપવામાં આવે તો TDS લાગુ પડશે.

અન્ય એક કરોડથી ઓછા ટર્નઓવરવાળી ભાગીદારી પેઢીને પણ મહેનતાણા ઉપર TDS લાગુ પડશે.

**22-7-2024 પહેલાંના મહેનતાણાં**

જે ભાગીદારી પેઢીઓ દર મહિને મહેનતાણું નાખે છે તેઓએ મારા મંતવ્યે 1લી ઓગષ્ટથી આ જોગવાઇઓનું પાલન કરવું પડશે એવી સ્પષ્ટતા આવકાર્ય છે. ટૂંકમાં ભાગીદારી પેઢીઓની પાલન (Compli ances)ની જવાબદારી વધી ગઇ છે.

## ભારતનો એપરલ માર્કેટ ચાર ટકાના ગ્રોથથી આગળ વધતો રહેશે

અમદાવાદ, તા. 26: પ્રાચીન તકનીકો અને સાંસ્કૃતિક પરંપરાઓને કારણે ભારતીય કાપડ ઉદ્યોગ વિશ્વમાં સૌથી વિશિષ્ટ છે. ભારતની વિશાળતામાં સ્વાભાવિક છે કે તેના જુદાજુદા ભાગોમાં પોતાની આગવી સંસ્કૃતિ અને ભાષાઓ હોવા ઉપરાંત વસ્ત્રોમાં પણ વિવિધતા જોવા મળે છે. વિશ્વના એપરલ માર્કેટમાં અમેરિકાનું ત્રણ ટ્રીલીયન અમેરિકન ડોલરનું છે. જેમાં ભારતનું એપરલ માર્કેટ પણ અગ્રેસર છે. જે ચીન પછીનું સ્થાન છે, જે એક ટ્રીલીયન ડોલરથી વધુનું છે. આવનારા દિવસોમાં આ બજારમાં ચારથી પાંચ ટકાના ગ્રોથ સાથે આગળ વધશે. ભારતીય એપરલ બજારમાં ગુજરાતનો મહત્વનો રોલ છે. ટેક્સટાઇલ્સ-ગારમેન્ટના માન્ચેસ્ટર ગણાય છે. ગુજરાતનો ગારમેન્ટ ઉદ્યોગ દેશ-વિદેશમાં પ્રચલિત છે, વેપારને વેગ આપવા માટે ગુજરાત ગારમેન્ટ મેન્યુફેક્ચર્સ એસોસીએશન દ્વારા ગાંધીનગર ખાતે 27 જુલાઇ સુધી 37માં ટ્રેડફેરનું આયોજન કર્યુ છે. જેમાં 1000થી વધુ બ્રાન્ડસની ઉપસ્થિત છે. જીજીએમએના પ્રમુખ વિજય પુરોહિતે જણાવ્યું હતું કે, ગારમેન્ટ ઉદ્યોગનું ભવિષ્ય ખુબજ ઉજ્જવળ છે, આ ઉદ્યોગ છેલ્લા કેટલાક સમયથી જે તકલીફોનો સામનો દુનિયા કરી રહી હતી, તેમાંથી હવે ધીમે ધીમે બહાર આવી રહ્યા છીએ.

# વધુ એકવાર મંદીવાળાઓ ઉપર તેજીવાળા હાવી રહ્યા, નિફ્ટીની 25000 તરફ આગેકૂચ

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 26: ઓગસ્ટ સિરીઝના પ્રથમ દિવસે સેશનમાં નિફ્ટી 429 પોઇન્ટ વધીને બંધ રહ્યો હતો અને ડેઇલી ચાર્ટ પર લાંબી તેજીની કેન્ડલ રચી હતી, જે બજારના ઘટાડા બાદ નિર્ણાયક પલટાનો સંકેત આપે છે.

નિફ્ટીમાં 10-20 દિવસના ઈએમએની જેમ ઈમ્પ્રાઇઝ સપોર્ટ તાજેતરમાં તેની નીચે તૂટ્યા બાદ ફરી પ્રાપ્ત થયો છે. આ મૂવિંગ એવરેજ છેલ્લા 5-6 સપ્તાહમાં ઈન્ડેક્સને સપોર્ટ કરી રહી છે. દૈનિક ચાર્ટ પર ઊંચા અને તળિયા જેવા પોઝિટિવ ચાર્ટ પેટર્ન અકબંધ છે અને નિફ્ટીએ તાજેતરમાં નવા બોટમ બનાવવાની પુષ્ટિ કરી છે. નિફ્ટીમાં 25100 રેઝિસ્ટન્ટ છે, જ્યારે 24650 પોઇન્ટ સપોર્ટ લેવલ છે.

નિફ્ટીમાં હાલની અપ ચાલ વધીને 25350થી 25,530 સુધી પહોંચી શકે છે. સપોર્ટ બેઝ હવે 24400 પર છે, જે 20 દિવસની મૂવિંગ એવરેજ છે. દૈનિક મોમેન્ટમ ઈન્ડિકેટરમાં હજી પણ નેગેટિવ ક્રોસઓવર છે. જો કે, અમે પ્રાઇસ એક્શનને વધુ વેઇટેજ આપીશું અને અપ-મૂવને આગળ ધપાવીશું.

બીજી તરફ, ઈન્ડેક્સમાં પહેલા 25,000ના મનોવૈજ્ઞાનિક સ્તરનું પરીક્ષણ કરી શકાય છે અને ત્યાર બાદ આ સપ્તાહના સ્વિંગના 25,340 પર ચકાસી શકાય છે. 24600 આસપાસનો સપોર્ટ જોવા મળી શકે છે. ચોક્કસપણે બુલ્સ માટે મોમેન્ટમ ફરી વધ્યો છે, પરંતુ મોમેન્ટમ ઈન્ડિકેટર્સ હજુ પણ ઓવરબોટ ઝોનમાં કારોબાર કરી રહ્યા છે.

# સોનાના ઇતિહાસનો કાળો દિવસ: એક જ દિવસમાં 10 લાખ કરોડ રૂપિયા ડૂબ્યા

મુંબઇ, તા. 26: સોના પરની કસ્ટમ ડયુટીમાં ઘઠાડાની જાહેરાત સાથે જ સોનાના ભાવમાં પાંચ ટકાથી વધુનો ઘટાડો નોંધાયો હતો. આનાથી એક જ દિવસમાં રૂ. 10.7 લાખ કરોડથી વધુની સંપત્તિનો નાશ પામી હતી. જો શેરબજાર સાથે તુલના કરીએ તો શેરબજારના ઈતિહાસમાં એક જ દિવસમાં આ છઠ્ઠો સૌથી મોટો ઘટાડો છે.

નાણાપ્રધાન નિર્મલા સીતારામને બજેટ 2024માં આ વાત સાબિત કરી હતી. સોના પરની કસ્ટમ ડયુટીમાં ઘટાડાની જાહેરાત સાથે જ સોનાના ભાવમાં પાંચ ટકાથી વધુનો ઘટાડો નોંધાયો હતો. આનાથી એક જ દિવસમાં રૂ. 10 લાખ કરોડથી વધુનો ઘટાડો નોંધાયો હતો. એટલું જ નહીં, સંપત્તિમાં થયેલા આ ઘટાડાની સીધી અસર દેશના લાખો પરિવારોને થઇ છે. કારણ કે શેરબજારમાં રોકાણ કરનારાઓની તુલનામાં સોનું રાખનારા ઘરોની સંખ્યા ઘણી વધારે છે.

આવી સ્થિતિમાં, આ સોનાના ભાવમાં ઘટાડો થવાની સૌથઈ મોટી અસર તેમના પર પડી છે. ભારતીય ઘરોમાં વિશ્વનો સૌથી મોટો સોનાનો ભંડાર છે. એક આંકડા મુજબ વિશ્વના કુલ સોનામાંથી લગભગ 11 ટકા સોનુ ભારતીય પરિવારો પાસે છે. જે અમેરિકા, જર્મની, સ્વિટઝરલેન્ડ અને આઇએમએફના કુલ સોનાના ભંડાર કરતા વધારે છે.

આ વર્ષની શરૂઆતથી જ સોનાના ભાવમાં ઝડપથી વધારો થઇ રહ્યો હતો. બજેટના એક દિવસ પહેલા આ વર્ષે સોનાના ભાવમાં 14.7 ટકાનો વધારો થયો હતો. જે સેન્સેક્સના વળતર કરતા વધારે હતો, પરંતુ બજેટમાં નાણામંત્રીએ સોના-ચાંદી પર બેઝિક કસ્ટમ ડ્યુટી 10 ટકાથી ઘટાડીને 6 ટકા કરી દીધી હતી. આ ઉપરાંત, કૃષિ ઉપકર, 5 ટકાથી ઘટાડીને એક ટકા કરવામાં આવ્યો હતો. એકદંરે સોના પરનું પ્રમાણ 18.5 ટકાથી ઘટીને 9 ટકા થઇ ગયું છે. જેમાં જીએસટીનો પણ સમાવેશ થાય છે.

બુલિયનના વેપારીઓ ભાવ ઘટાડાથી બિલકુલ ખુશ નહોતા. તેણે પોતાની પાસે રહેલી સોનાની હોલ્ડીંગ્સ વેચીને નફો બુક કરવાનું શરૂ કર્યુ. જેને પગલે સોનાના ભાવમાં વધુ ઘટાડો નોંધાયો હતો. ગોલ્ડ લોન વિતરણ કરતી કંપનીઓ પણ આનાથી ખુશ નહોતી. કારણ કે તેનાથી લોન ટુ વેલ્યુ ગુણોત્તરમાં ઘટાડો થવાની અપેક્ષા છે, જે તેમને આર્થિક રીતે નબળા પાડી શકે છે. ભારતીય ઘરો અને મંદિરો મળીને 30000 ટનથી વધુ સોનુ ધરાવે છે.

## ઇરેડા રેકોર્ડ હાઇથી 16 ટકા તૂટયો, નીચલા સ્તરેથી ખરીદી કરવાની નિષ્ણાતોની સલાહ

મુંબઇ, તા. 26: ઇરેડાના શેરમાં આજે પોઝિટિવ ખુલ્યા બાદ વેચવાલીના દબાણે રેડ ઝોનમાં બંધ રહ્યો હતો. હાલમાં તે રેકોર્ડ હાઇથી 16 ટકા નીચે છે. આશરે 10 દિવસ પહેલા ઈરેડામાં રૂ. 310ની રેકોર્ડ ઉંચાઇએ પહોંચ્યા હતા, પણ મોટા ભાગના રોકાણકારોએ આ શેરને પકડી રાખ્યો છે, જેઓ ચિંતિત છે, ત્યારે કેટલાક નિષ્ણાતો એવું કહી રહ્યા છે કે, રૂ. 240થી 250ના ભાવે ફરીથી ખરીદી કરવાનો મોકો ગણી શકાય. અત્રે ઉલ્લેખનીય છે કે, કંપનીએ રૂ. 32ના ભાવે ઇસ્યુ કરવામાં આવ્યો હતો. આજે આ કંપનીના શેરમાં રોકાણકારોની ચિંતા આવનારા ટુંકસમયમાં તેજી ફરીથી જોવા મળી શકે છે અને નીચલા સ્તરેથી રોકાણ કરનારા માટે લાભદાયી સાબિત થઇ શકે છે.

ચાર્ટીસ્ટની નજરે જોઇએ તો ઓવરબોટ પોઝિશન રહી નથી, જેના કારણે ઈરેડાના ભાવમાં દરેક ઘટાડે ખરીદી કરવાથી લાંબા ગાળે લાભ થશે.

# આઇફોન 16ના પ્રો અને પ્રો મેક્સ મોડલનું ભારતમાં પ્રથમવાર ઉત્પાદન થશે

નવી દિલ્હી, તા. 26: એપલ પહેલીવાર ભારતમાં આઇફોનના પ્રો એન્ડ પ્રો મેક્સ મોડલ બનાવવા જઇ રહ્યું છે, તેની શરૂઆત આઇફોનની આગામી આઇફોન 16 સિરીઝથી થશે. જાણકારી અનુસાર તે ફોક્સકોનના સહયોગથી ભારતમાં પોતાની આવનારી આઇફોન 16 સિરીઝના પ્રો અને પ્રો મેક્સ મોડલ્સને એસેમ્બલ કરશે. કંપની આ કામ ચીનની બહાર પોતાના પ્રોડકશનને પ્રમોટ કરવાની યોજના હેઠળ કરશે. સુત્રો દ્વારા જાણવા મળતી માહિતી અનુસાર, છેલ્લા બે વર્ષથી કંપની પોતાના પ્રો મોડલ બનાવવા પર વિચાર કરી રહી છે. હવે, કંપની અહીં આઇફોન 16 સિરીઝના પ્રો અને પ્રો મેક્સ મોડલ બનાવશે, જેથી જ્યારે તેને લોન્ચ કરવામાં આવશે ત્યારે તે અહીં ઉપલબ્ધ થશે. એપલની આઇફોન 16 સિરીઝ સપ્ટેમ્બરમાં લોન્ચ થઇ શકે છે. ગત વર્ષે એપલે આઇફોન 15ને ભારતમાં એસેમ્બલ કર્યો હતો અને જ્યારે તે બાકીના વિશ્વમાં અને પહેલા દિવસથી ઉપલબ્ધ હતો. કંપનીએ ભારતમાં માત્ર આઇફોન 15ના બેઝ મોડલ્સનું જ ઉત્પાદન નથી કર્યુ, પરંતુ તેણે પેગાટ્રોનમાં સ્થાનિક રીતે આઇફોન 15નું પણ ઉત્પાદન કર્યુ છે.

## સ્ટાર હાઉસીંગ ફાઇ.નો ચોખ્ખો નફો બમણો

મુંબઇ, તા. 26: નાના શહેરો અને ગ્રામીણ વિસ્તારો પર કેન્દ્રિત હોમ ફાઇનાન્સ કંપની રિટેલ હોમ ફાઇનાન્સ ક્ષેત્રે તેનો વૃદ્ધિ દર જાળવી રાખ્યો છે અને 30 જુન, 2024ના રોજ પુરા થતા ત્રિમાસિક ગાળા માટે મજબૂત બિઝનેસ અને ફાઇનાન્સીયલ પર્ફોમન્સ આપ્યું છે. કંપનીનું એયુએમ વાર્ષિક ધોરણે 73.55 ટકા વધ્યો છે, જ્યારે આવકમાં પણ 61.53 ટકા તથા કરવેરા પુર્વેનો નફો 87.98 ટકા વધ્યો હતો.

**યાર્ન બજાર સુરત** — (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| પ્રફુલ/સાલાસર/કેપલોન રૂ. | | ૭૫/૩૬ '' | ૧૨૭ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૩૦૨ | ૫૦/૩૬ '' | ૧૩૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૨ |
| ૩૦/૩૬ એફડી | ૩૧૦ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૭૧ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૪૦ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૩૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૦ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૭૫ |
| ૬૮/૩૬ | ૧૩૩ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૩૦ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૨ | ૧૦૦ ટેક્ષ | ૧૨૯ | ૬૮ ક્રિમ્પ | ૧૨૯ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૬ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૨૭ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૨૭ | ૮૦/૭૨ રોટો | ૧૩૦.૨૫ | ૭૫ ક્રિમ્પ | ૧૨૬ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૮૪ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૧.૫ | ૮૦ ક્રિમ્પ | ૧૨૩ |
| ૮૦/૭૨ રોટો. | ૧૨૯ | ૧૬૦ ડીસ્કેટ | ૧૪૧.૫ | ૮૦/૭૨ રોટો | ૧૩૩ |
| ૮૦/૩૬ રોટો. | ૧૨૮ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૮ | ૮૦/૧૦૮ '' | ૧૨૯ | ૩૦/૩૬ એફડી | --- |

**જથ્થાબંધ ખાંડબજાર** — પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૨૦૦ |
| એમ-30 | ૪૧૫૦ |
| એસ-30 | ૪૦૫૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૦૫૦ |
| એસ-30 | ૪૯૫૦ |

**સોના-ચાંદી સુરત** — (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૭૦૫૫૦ |
| તેજાબી સોનું | ૭૦૪૬૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૬૮૦૨૫ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૬૯૧૪૦ |
| સોનાનાં બિસ્કીટ | ૭૦૫૫૦૦ |
| ચાંદી (૯૯૯) | ૮૩૫૨૦ |
| ચાંદી સિક્કા | ૮૫૦૨૦ |

**તેલ બજાર સુરત** — ૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૭૫૦ | કોપરેલ | ૨૯૯૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૫૫૦ | વનસ્પતિ ઘી | ૧૮૩૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૮૦ | સનફ્લાવર | ૧૭૦૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૧૯૦૦ | તલતેલ | ૬૨૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૧૭૫૦ | દિવેલ | ૨૧૭૦ |
| કપાસીયા (૫ લિ.) | ૬૬૦ | મકાઇ તેલ | ૧૯૫૦ |
| સરસીયું તેલ | ૨૩૫૦ | | |


## પશ્ચિમ રેલ્વે ગણપતિ સ્પેશિયલ ટ્રેનો દોડાવશે

| ટ્રેન | મૂળ સ્થાન અને ગંતવ્ય | સેવાની તારીખો | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| 09412 | અમદાવાદ-કુડાલ (સાપ્તાહિક) | 03.09.2024 થી 17.09.2024 | 9.30 કલાક (મંગળવાર) | 3.30 કલાક (બીજો દિવસ) |
| 09411 | કુડાલ-અમદાવાદ(સાપ્તાહિક) | 04.09.2024 થી 18.09.2024 | 4.30 કલાક (બુધવાર) | 23.45 કલાક (તેજ દિવસે) |
| હોલ્ટ્સ : વડોદરા, સુરત, વાપી, પાલઘર, વસઈ રોડ, પનવેલ, રોહા, માનગાંવ, વીર, કરંજડી, ખેડ, ચિપલુન, સાવરદા, અરવલી રોડ, સંગમેશ્વર રોડ, રત્નાગીરી, અદાવલી, વિલાવડે, રાજાપુર રોડ, વૈભવવાડી રોડ, નંદગાંવ રોડ, કંકાવલી અને સિંધુદુર્ગ સ્ટેશનની બંને દિશામાં | | | | |
| કમ્પોઝીશન : એસી - 3 ટાયર, સ્લીપર કલાસ અને જનરલ સેકન્ડ કલાસ કોચીસ | | | | |
| 09150 | વિશ્વામિત્રી-કુડાલ (સાપ્તાહિક) | 02.09.2024 થી 16.09.2024 | 10.00 કલાક (સોમવાર) | 03.30 કલાક (બીજા દિવસે) |
| 09149 | કુડાલ-વિશ્વામિત્રી (સાપ્તાહિક) | 03.09.2024 થી 17.09.2024 | 04.30 કલાક (મંગળવાર) | 22.00 કલાક (તેજ દિવસે) |
| હોલ્ટ્સ : ભરૂચ, સુરત, વાપી, પાલઘર, વસઈ રોડ, પનવેલ, રોહા, માનગાંવ, વીર, કરંજડી, ખેડ, ચિપલુન, સાવરદા, અરવલી રોડ, સંગમેશ્વર રોડ, રત્નાગીરી, અદાવલી, વિલાવડે, રાજાપુર રોડ, વૈભવવાડી રોડ, નંદગાંવ રોડ, કંકાવલી અને સિંધુદુર્ગ સ્ટેશનની બંને દિશામાં | | | | |
| કમ્પોઝીશન : એસી - 3 ટાયર, સ્લીપર કલાસ અને જનરલ સેકન્ડ કલાસ કોચીસ | | | | |
| 09424 | અમદાવાદ-મેંગલુરૂ (સાપ્તાહિક) | 06.09.2024 થી 20.09.2024 | 16.00 કલાક (શુક્રવાર) | 19.45 કલાક (બીજા દિવસે) |
| 09423 | મેંગલુરૂ-અમદાવાદ (સાપ્તાહિક) | 07.09.2024 થી 21.09.2024 | 22.10 કલાક (શનિવાર) | 02.15 કલાક (સોમવાર) |
| હોલ્ટ્સ : નડિયાદ, આણંદ, વડોદરા, ભરૂચ, સુરત, વાપી, વસઈ રોડ, પનવેલ, રોહા, માનગાંવ, ખેડ, ચિપલુન, સાવરદા, સંગમેશ્વર રોડ, રત્નાગીરી, રાજાપુર રોડ, વૈભવવાડી રોડ, કંકાવલી, સિંધુદુર્ગ, કુંડાલ, સાવંતવાડી રોડ, થિવીમ, કરમાલી, મડગાંવ, કાનાકોના, કારવાર, અંકોલા, ગોકર્ણા રોડ, કુમતા, મુડેશ્વર, ભટકાલ, મુકામ્બિકા રોડ બાયદુર, કુંડાપુરા, ઉડુપી, મુલ્કી, સુરથકલ અને થોકુર સ્ટેશનની બંને દિશામાં | | | | |
| કમ્પોઝીશન : એસી - 3 ટાયર, સ્લીપર કલાસ અને જનરલ સેકન્ડ કલાસ કોચીસ | | | | |

વિરામ અને કમ્પોઝિશનના સમય સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

ટ્રેન નંબર 09412, 09150 અને 09424 માટે બુકિંગ 28.07.24 ને PRS કાઉન્ડર અને IRCTC વેબસાઈટ પર ખુલશે. આ ઉપરની ટ્રેનો સ્પેશિયલ ટ્રેન ખાસ ભાડા તરીકે દોડશે.

પશ્ચિમ રેલ્વે
www.wr.indianrailways.gov.in
અમને લાઈક કરો : facebook.com/WesternRly
અમને ફોલો કરો : X.com

કૃપા કરીને તમામ આરક્ષિત ટિકિટો માટે મૂળ ID પ્રુફ સાથે રાખો


## અમેરિકાનો જીડીપી ડેટા સુધરતા આઇટી ઇન્ડેક્સ 7 ટકા ઉછળ્યો

મુંબઇ, તા. 26: ભારતીય શેરબજારમાં આજે નવા વલણની શરૂઆત થઇ હતી, જેમાં સેન્સેક્સ અને નિફ્ટીએ ઓલટાઇમ હાઇ બનાવ્યા હતા. આ ઉછાળા પાછળ આઇટી સેકટર અને મેટલ સેકટરની મજબૂતાઇ જોવા મળી હતી. ખાસ કરીને અમેરિકાના જીડીપી ડેટાની જાહેરાત બાદ આઇટી સેકટરમાં હાશકારો જોવા મળ્યો હતો. અમેરિકાનો જીડીપી દર 2.8 ટકાનો થયો હોવાના અહેવાલ બાદ ભારતીય આઇટી સેકટરમાં જોશ જોવા મળ્યો હતો. જેના લીધે આજે આઇટી શેરોમાં શાનદારો ઉછાળો રહ્યો હતો અને 7 ટકા જેટલા ઉછળ્યા હતા. જેમાં એમફાસીસ, એલટીઆઇ માઇન્ડટ્રી અને ઇન્ફોસીસ જોરદાર વધ્યા હતા. આજરોજ આઇટી સેકટરમાં અમેરિકાની ઇકોનોમી અપેક્ષા કરતા ખૂબ જ ઝડપથી વધી રહી હોવાના અહેવાલથી જોશ જોવા મળ્યો હતો.


**પંજાબ નૈશનલ બૈંક ...भरोसे का प्रतीक ! punjab national bank ...the name you can BANK upon !**

સર્કલ સસ્ત્ર સેન્ટર, સુરત : પહેલો માળ, મેઘાણી ટાવર, સ્ટેશન રોડ, સુરત-૩૯૫૦૦૩ ફોન : ૮૧૦૭૮૩૭૧૪૮ ઈમેઈલ : cs8323@pnb.co.in

**સ્થાયી મિલકતની ઈ-હરાજીથી વેચાણ અંગેની જાહેર નોટીસ**

નિરીક્ષણ તા.૦૬.૦૮.૨૦૨૪
ઈ-હરાજી તા.૧૩.૦૮.૨૦૨૪
(સવારે ૧૧.૦૦ થી સાંજે ૪.૦૦ વાગ્યા સુધી)
ઈએમડી ની રકમ ઈ-હરાજી ના સમય સુધી જમા કરી શકાશે.

| નં. | શાખાનું નામ / ખાતાનું નામ / દેવાદાર/જામીનદારનું નામ અને સરનામું | સુરક્ષિત કરેલ મિલકતની વિગત — ગીરવે મુકેલ સ્થાયી મિલકતની વિગત અને માલિકનું નામ | અ) સરફેસી એક્ટ ૨૦૦૨ની કલમ ૧૩(૨) હેઠળ માંગણા નોટીસની તારીખ<br>બ) ૩૦.૦૯.૨૦૨૧ના રોજ બાકી રકમ<br>ક) સરફેસી એક્ટ ૨૦૦૨ની કલમ ૧૩(૪) હેઠળ લીધેલ કબજાની તારીખ<br>ડ) કબજાનો પ્રકાર સાંકેતિક/પ્રત્યક્ષ/રચનાત્મક | અ) અનામત કિંમત (રૂા.લાખમાં)<br>બ) ઈએમડી<br>ક) બોલી વધારાની રકમ | સુરક્ષિત લેણદારની જાણમાં હોય તેવા અન્ય બાકી ની વિગત<br>Property ID : |
|---|---|---|---|---|---|
| ૨૯. | **પીએનબી : પારડી શાખા (૭૯૪૩૦૦)**<br>**શ્રી જતીન ઠાકોરદાસ ભરતીયા અને શ્રીમતી મુસ્કાન જતીન ભરતીયા :** ફલેટ નં.૫૦૪, સાંઈ કો.ઓ.હાઉસીંગ સોસા.લિ., બ્રાહ્મણ ફળિયા, પારડી, ગુજરાત-૩૯૬૧૨૫ | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત સાંઈ કો.ઓ.હા.સોસા.લિ. નામની બિલ્ડીંગ સ્થિત ૫મા માળનો રહેણાંકનો ફલેટ નં.૫૦૪, જેનું માપ ૮૬૦ ચો.ફુટ (૭૯-૮૯ ચો.મી.) બિલ્ટ અપ એરીયા, જેનું બાંધકામ એન.એ. થયેલ જમીન સી.એસ.નં.૧૧૯૪/બી, કુલ માપ ૮૬૬.૦૦ ચો.મી. વાળી પારડી (પારડી નગરપાલિકાની હદમાં), તા.પારડી, જી.વલસાડ ખાતે આવેલ જમીન ઉપર થયેલ છે જે શ્રીમતી મુસ્કાન જતીન ભરતીયા અને શ્રી જતીન ઠાકોરદાસ ભરતીયાની માલિકીનો છે. | અ) ૨૧.૧૦.૨૦૨૧<br>બ) રૂા.૧૯,૩૪,૨૪૫.૭૮ + વધારાનું વ્યાજ + તેના ઉપરના ખર્ચાઓ<br>ક) ૦૯.૦૨.૨૦૨૨<br>ડ) પ્રત્યક્ષ કબજો | અ) રૂા.૧૯.૭૦<br>બ) રૂા.૨.૦૦<br>ક) રૂા.૦.૨૦ | PUNB794300 JAT |
| ૩૦. | **પીએનબી : વલસાડ શાખા (૧૩૯૦૧૦)**<br>**શ્રી પ્રકાશચંદ્ર બાલુરામ સોની** : ફલેટ નં.૪૦૭, ૪થો માળ, મોહન કોમ્પલેક્ષ, સેઠીયા નગર, કૈલાશ રોડ, પારડી સાંઢપોર, તા.એને જી.વલસાડ-૩૯૬૦૦૧ અને : ફલેટ નં.૬૦૧, શંભુનાથ એપાર્ટમેન્ટ બીર, વશી ફળિયા, હાલર, તા.અને જી.વલસાડ, ગુજરાત-૩૯૬૦૦૧<br>**શ્રી રામપાલ રતિલાલ સોની (જામીનદાર)** મીશન કોલોની, શીરાજ બેકરી સામે, હાલર રોડ, તા. અને જી.વલસાડ-૩૯૬૦૦૧ | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત 'મોહન કોમ્પલેક્ષ'ના ૪થા માળનો ફલેટ નં.૪૦૭, જેનું માપ આશરે ૮૪૦.૦૦ ચો.ફુટ (૭૮.૦૬૬ ચો.મી.), જેનું બાંધકામ એન.એ. થયેલ જમીન રે.સ./બ્લોક નં.૧૪૬/પી/૨૪ વાળી જમીન ઉપર થયેલ છે જેનો પ્લોટ નં.આર-૧, માપ આશરે ૬૮૮.૦૦ ચો.મી. મોજે ગામ પારડી સાંઢપોર, તાલુકા અને જી.વલસાડ ખાતે શ્રી પ્રકાશચંદ્ર બાલુરામ સોની ની માલિકીનો આવેલ છે. | અ) ૩૧.૦૩.૨૦૨૨<br>બ) રૂા.૧૧,૩૮,૦૭૯.૩૦ + વધારાનું વ્યાજ + તેના ઉપરના ખર્ચાઓ<br>ક) ૧૭.૧૨.૨૦૨૩<br>ડ) પ્રત્યક્ષ કબજો | અ) રૂા.૬.૮૦<br>બ) રૂા.૦.૭૦<br>ક) રૂા.૦.૦૫ | PUNB139010 PRAKAS |

**ઈ-હરાજી વેચાણના નિયમો અને શરતો :** સિકયુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો ૨૦૦૨માં આપેલ શરતો-નિયમો અનુસાર તથા નીચે આપેલ શરતો મુજબ વેચાણ થશે. (૧) મિલકતનું વેચાણ **'જ્યાં છે ત્યાં અને જેમ છે તેમ'ના અને 'જે કાંઈ ત્યાં છે તે'** ના ધોરણે થશે. (૨) સુરક્ષિત મિલકતની અહીં દર્શાવેલ વિગતો અધિકૃત અધિકારીને ઉત્તમ જાણકારી મુજબ છે. પણ અધિકૃત અધિકારી કોઈ ભુલ-મીસસ્ટેટમેન્ટ અથવા રહી જવા અંગેની ઘોષણામાં જવાબદાર રહેશે નહી. (૩) વેચાણ ઈ-હરાજીના પ્લેટફોર્મ દ્વારા http://www.mstcecommerce.com **તારીખ ૧૩.૦૮.૨૦૨૪ સવારે ૧૧ થી સાંજે ૪ કલાક દરમ્યાન કરવામાં આવશે.** (૪) વેચાણ અંગેની વધુ વિગતો અને નિયમો માટે મહેરબાની કરી www.ibapi.in, www.tenders.gov.in, www.mstcecommerce.com, https://eprocure.gov.in/epublish/app ઉપર જુઓ. ૫) અધિકૃત અધિકારી અથવા બેંક ઈ-હરાજી માં વેચાણ થયેલ અસ્કયામત અંગેના કોઈપણ ચાર્જ, પુર્વધિકાર, બોજ અથવા અન્ય કોઈપણ પ્રકારના સરકારી કે અન્યના લેણાં માટે જવાબદાર રહેશે નહીં. રસ ધરાવતા બીડરને આ સંપત્તિ કે અસ્કયામત પર વૈધાનિક જવાબદારીઓ, મિલકત વેરો બાકી હોય, વીજળીનું લેણું હોય કે કોઈ ભારણ હોય તેની તેમને સ્વતંત્ર રીતે પુછપરછ કરીને જાણકારી મેળવી લેવાની સલાહ છે.

SCAN HERE For detailed Terms & Conditions

**સરફેસી એક્ટ, ૨૦૦૨ ના રૂલ ૮(૬) હેઠળ કાનુની વેચાણ નોટીસ**

(આ હરાજીની સૂચનાના અંગ્રેજી સંસ્કરણ અને અન્ય કોઈપણ ભાષાના સંસ્કરણ વચ્ચે કોઈ વિસંગતતાની સ્થિતિમાં અંગ્રેજી સંસ્કરણ માન્ય રહેશે.)

તા.૨૭.૦૭.૨૦૨૪ । સ્થળ : સુરત — ચીફ મેનજર, અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક, સુરક્ષિત ક્રેડીટર